# શહેરમાં બે દિવસમાં બે વખત છૂરા બાજી

## બે દિવસ અગાઉ સેકટર-૨૪માં બકરા બાંધવા બાબતે અને આજે સે-૧૫ એલ.ડી.આર.પી. કોલેજ પાસે નાસ્તાના પૈસા બાબતે બે શખ્સોએ લારીના માલિકને છરો ફેરવી દેતા તેનો અંગૂઠો કપાઈ ગયો હતો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં ખુલ્લે આમ છૂરા બાજીનો ખેલ ખેલાઈ રહ્યો છે. છેલ્લા ૩ દિવસમાં બે જેટલા છૂરા બાજીના બનાવો પ્રકાશમાં આવ્યા છે. બે દિવસ અગાઉ શહેરના સે-૨૪માં ધોળે દિવસે નજીવી બાબતે ખૂની ખેલ ખેલાયો હતો જેમાં બે વ્યકિતઓને ઈજા થવા પામી હતી જયારે આજે વધુ એક છૂરા બાજી શહેરની એલ.ડી.આર.પી. કોલેજ પાસે નાસ્તાની લારી પર થઈ હતી. નાસ્તાની લારીના માલિકે ગ્રાહક પાસે નાસ્તાના પૈસા માંગતા બંને વચ્ચે માથાકૂટ થઈ હતી જેમાં આવેલા ગ્રાહકે લારીના માલિકની હથેળી પર છરો ફેરવી દેતા તેનો અંગૂઠો કપાઈ ગયો હતો આથી લોહી લુહાણ હાલતમાં તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો જો કે આ બનાવ અંગે કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.

આ ઘટનાની વિગત એવી છે કે શહેરના સેકટર-૧૫ સ્થિત એલ.ડી.આર.પી. કોલેજ પાસેસે-૨૪માં રહેતો યુવાન પોતાની નાસ્તાની લારી મુકી ત્યાં ધંધો રોજગાર મેળવે છે. જયાં આજે બપોરના સમયે બે શખ્સોએ નાસ્તો કર્યા બાદ પૈસા આપવા નાસ્તાની લારીના માલિક સાથે રકઝક કરી હતી મામલો વધુ બિચકતા નાસ્તો કરવા આવેલ બે શખ્સો પૈકી એકે લારીના માલિકની હાથની હથેળીએ છરો મારી દેતા અંગૂઠો કપાઈ ગયો હતો આથી ઘાયલને તુરંત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જો કે બાદમાં બંને વચ્ચે સમાધાન થઈ જતા આ અંગે કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.

# ગાંધીનગરમાં સફાઈ અભિયાનના માત્ર દેખાડા

## ઘણા માર્ગોની આસપાસ હજુ કચરાના ઢગલા દેખાય છે : વસાહતીઓ ગમે ત્યાં કચરો નાંખી સફાઈ અભિયાનને નિષ્ફળ બનાવી રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરને સ્વચ્છ બનાવવા માટે છેલ્લા ઘણા સમયથી સફાઈ અભિયાન ચાલે છે પરંતુ એવુ લાગે છે કે માત્ર મુખ્ય માર્ગોની સાફસફાઈ કરી સંતોષ માની લેવાય છે. ઘણા વિસ્તારોમાંથી સાફ સફાઈ કરવામાં આવી છે. ગાંધીનગરમાં પણ છેલ્લા ઘણા દિવસોથી સાફ સફાઈનું કામ ચાલે છે. ખાસ ઝુંબેશ હાથ ધરી ઘણા વિસ્તારોમાંથી સાફ સફાઈ કરવામાં આવી હતી અને ડોર ટુ ડોર કચરાનું કલેક્શન કરવાની સુવિધા પણ વાવોલ, કુડાસણ, આદિવાડા જેવા ગાંધીનગર શહેરની આસપાસ આવેલા વિસ્તારોમાં ઘણા સ્થળે ખુબ ગંદકી જોવા મળે છે. શહેરના ઘણા મુખ્ય માર્ગોની આસપાસ જ કચરાના ઢગ જોવા મળે છે. ઘણા સેક્ટરોમાં તો



એવા વિસ્તારો છે જ્યાં ગંદકી અને કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. માર્ગોની આસપાસ જ વસાહતીઓ કચરો નાંખી દેતા હોવાથી સફાઈ અભિયાનનો અર્થ સરતો નથી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા સફાઈ અભિયાનને પગલે દેશભરમાં સ્વચ્છતા ઝુંબેશ શરૂ શહેરમાં ઉપલબ્ધ બનાવાઈ છે. જો કે શહેરમાં હજુ એવા ઘણા વિસ્તારો છે. જ્યાં સાફ-સફાઈના નામે મીંડુ છે. સામાન્ય વસાહતીઓને એવું લાગી રહ્યું છે કે માત્ર વીઆઈપી સેક્ટરોમાં જ સફાઈ કરવામાં આવે છે. મધ્યમ વર્ગીય પરિવારો રહે છે તેવા વિસ્તારોમાં સફાઈ થતી જ નથી. વસાહતીઓ જ સફાઈ બાબતે બેદરકારી રાખી કચરો ફૂટપાથની પાસે જ નાંખી દે છે. આ કચરો ઉડીને માર્ગો પર આવી જતા સ્વચ્છતા અભિયાનના લીરે લીરા ઉડી જાય છે. વસાહતીઓ જ સફાઈ બાબતે બેદરકાર હોવાથી ગાંધીનગરમાંથી ગંદકી દૂર થતી જ નથી.



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

### ફળફળાદીનું વિતરણ કર્યુ

શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિએ પંડિત જવાહરલાલ નહેરુની ૧૨૫મી જન્મ જયંતિને ગરીબ દર્દીઓને ફળફળાદીનું વિતરણ કરી ઉજવી હતી. કોંગ્રેસ સમિતિએ ગઈ કાલે સવારે બપોરના સમયે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ફ્રુટ વિતરણ કાર્યક્રમ યોજયો હતો. સિવિલના દરેક વોર્ડમાં રહેલા દર્દીઓને ફળો આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમાં પ્રમુખ મુકેશ પટેલ, ડૉ. હિમાંશુ પટેલ, કોંગ્રેસના કોર્પોરેટરો-કાર્યકરો જોડાયા હતા.

# સરઢવ ગામે લીંબુની વાડીમાંથી વિદશી દારૂનો જથ્થો ઝડપાયો

## પોલીસે રૂ. ૨૯,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો બે આરોપીઓ ફરાર

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીકના સરઢવ ગામે પેથાપુર પોલીસે બાતમીના આધારે લીંબુની વાડીમાં દરોડો પાડી જમીનમાં છુપાવેલ દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. પોલીસે ૨૯ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કરી બે આરોપી વિરુધ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર નજીકના સરઢવ ગામે બે બુટલેગરોએ ગામની સીમની એક લીંબુની વાડીમાં વિદેશી દારૂ છુપાયેલો હોવાની બાતમી પેથાપુર પોલીસના કર્મીઓને મળી આથી પોલીસે બાતમી સ્થળે દરોડો પાડયો હતો. જો કે દરોડા અંગે બંને બુટલેગરોને જાણ થઈ જતા મેહુલ બાબુ પટેલ અને ભીખા દંતાણી ફરાર થઈ ગયા હતા. પોલીસે બાતમી સ્થળે ખોદકામ કરતા જમીનમાં છુપાયેલ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૭ નંગ વિદેશી દારુની બોટલ અને ૪૦ નંગ બિયરના ટીન મળી કુલ રૂ. ૨૯,૨૦૦નો મુદ્દામાલ કબજે કરી બંને ફરાર આરોપી બુટલેગરો વિરુધ્ધ પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દાયકાઓના અંતે પણ રીક્ષા સ્ટેન્ડ બનાવવાની યોજના અભેરાઈએ

## રીક્ષા સ્ટેન્ડ માટે વિવિધ સાતથી વધુ સ્થળો પસંદ કરાયા બાદ પણ તંત્ર કોઈ હરકતમાં નથી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં છેલ્લા ઘણા સમયથી રીક્ષા સ્ટેન્ડનો પ્રશ્ન અટવાયેલો છે. મિટર ભાડા પદ્ધતીના અભાવ વચ્ચે નગરમાં માર્ગ વચાળે રીક્ષાઓ ખડી કરી દેવાય છે. જેના પરીણામે શહેરના માર્ગોની આસપાસ ફૂટપાથની આભા ઉભી કરાયા બાદ રીક્ષા સ્ટેન્ડ અંદર અને રીક્ષાઓ બહાર તેવા દશ્યો સર્જાયા છે. રીક્ષા સ્ટેન્ડની જગ્યા નિયત ન થતા મુખ્ય માર્ગો સહીત સેક્ટરોના એપ્રોચ રોડ ઉપર રીક્ષાઓ પાર્ક થયેલી જોવા મળે છે. આમ છતાં રીક્ષા સ્ટેન્ડ ઉભા કરવાની યોજના અભેરાઈએ ચઢાવી દેવાઈ છે. આવા સંજોગોમાં ટ્રાફિકને લગતી સમસ્યા પણ જટીલ બની છે. બીજી તરફ રીક્ષા ભાડામાં મિટર પદ્ધતીનો અમલ ન થતા નાગરીકો લુંટાઈ રહ્યા હોવાની બુમ પણ ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં છેલ્લા એક દાયકા દરમ્યાન વાહનોની સંખ્યા વધતા નગરના માર્ગો પર ટ્રાફિકનું ભારણ વધ્યું છે. વધતી વસ્તી અને વિકાસના નવા આયામોને અનુલક્ષી નગરનું રોડ નેટવર્ક પણ ચકાચક બનાવી દેવાયું છે. જ્યારે શહેરના વિવિધ માર્ગો આસપાસ ફૂટપાથનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. પરંતુ આ સઘળી સ્થિતિ વચ્ચે રીક્ષા સ્ટેન્ડો અદશ્ય થઈ જતા લાંબા સમયથી માર્ગ સલામતીની દષ્ટીએ પણ જોખમી સ્થિતિ સર્જાઈ છે. ફૂટપાથ અસ્થિત્વમાં આવ્યા બાદ તંત્ર દ્વારા નિયત સ્થળોએ રીક્ષા સ્ટેન્ડ ઉભા કરવા વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. જ્યારે ટાઉન પ્લાનીંગ કક્ષાએથી કોઈ પગલા ન લેવાતા દાયકાઓના અંતે પણ રીક્ષા સ્ટેન્ડ બનાવાની યોજના માત્ર કાગળ પર જ રહી ગઈ છે. તેવા સમયે રીક્ષા સ્ટેન્ડ માટે સાત થી વધુ સ્થળોની પસંદગી કરવામાં આવી હતી. હાલ શહેરમાં રીક્ષા સ્ટેન્ડના અભાવે ટ્રાફિકને લગતી અનેક સમસ્યાઓ ઉદ્ભવે છે. સેક્ટરોના એપ્રોચ રોડ ઉપર આડેધડ રીક્ષાઓ ખડકી દેવાતા આમ નાગરીકોની સલામતી જોખમાય છે. બીજી તરફ મીટર ભાડા પદ્ધતીનો અમલ ન થતા પેસેન્જરોએ બેફામ ભાડા વસુલીનો ભોગ બનવું પડે છે. શહેરમાં ટ્રાફિક નિયમનના નામે આમ પણ મિંડુ ચિતરાયું છે ત્યારે માર્ગો પર વધતા ટ્રાફિકના ધમધમાટ વચ્ચે રીક્ષા સ્ટેન્ડનો પ્રશ્ન પણ ટ્રાફિકની સમસ્યા અને માર્ગ સલામતીની દષ્ટીએ શિરદર્દ સમાન બન્યો છે.





શ્રદ્ધાંજલિ... માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા વાહન ચાલકો અને મૃતકોની યાદમાં ગાંધીનગર શહેરના સે. ૨૮ ખાતે ૧૦૮ ઈમરજન્સી સેવાના કર્મીઓ અને નાગરિકો દ્વારા મીણબત્તી પ્રગટાવી શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં નાગરીકો જોડાયા હતા.

# સુથાર સમાજના પ્રમુખની રાષ્ટ્રીય સ્તરે પસંદગી કરાઈ

ગાંધીનગર, તા.૧૬

અખિલ ભારતીય વિશ્વકર્મા વંશજ સર્વોત્થાન સંગઠનનું રાષ્ટ્રીય



સંમેલન દિલ્હી ખાતે મળ્યું હતું. ગુજરાત સહિત ૧૩ પ્રતિનિધિઓની રાષ્ટ્રીય કાર્યકારિણી માટે વરણી કરવામાં આવી છે. સમિતિમાં ગુજરાત સુથાર સમાજના પ્રમુખ ઠાકોર મિસ્ત્રીની વરણી કરવામાં આવી છે.

ગુજરાત સુથાર સમાજના પ્રમુખ ઠાકોર મિસ્ત્રીની રાષ્ટ્રીય કાર્યકારિણિ સમિતિમાં પ્રતિનિધિ તરીકે નિમણુંક કરાઈ છે. નવી દિલ્હી ખાતે યોજાયેલા અખિલ ભારતીય વિશ્વકર્મા વંશ સર્વોત્થાન સંગઠનમાં પ્રભારી મંત્રી તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. સંમેલનમાં દેશના દિલ્હી, ઉત્તરપ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, પંજાબ રાજયો સહિતના ૧૩ પ્રતિનિધિઓની વરણી કરાઈ છે.

# ગાંધીનગર ખાતે નેશનલ પ્રેસ-ડેની ઉજવણી કરાઈ

ગુજરાત ે્સ અકાદમી, ગાંધીનગર અને જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના સંયુક્ત સાર્વજનિક બાબતોમાં પારદર્શકતાં અખબારોની ભૂમિકા વિષય પર પરિસંવાદનું આયોજન તા.૧૬મી અને ગાંધીનગરના વરિષ્ઠ પત્રકાર અને કવિ શ્રી ભરતભાઈ કવિએ પત્રકાર અને તેની વર્તમાન ભૂમિકા દ્વારા જનમાનસના જનસામાન્યના ે્ સંસદ, સરકાર અને ન્યાય તંત્ર સુધી લઈ જાય છે. અખબારો અને





ઉપક્રમે તા.૧૬મી નવેમ્બર, ૨૦૧૪ના રોજ રાષ્ટ્રીય ે્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે ગાંધીનગર જિલ્લાના મીડિયા -તિનિધિશ્રીઓ માટે નવેમ્બર, ૨૦૧૪ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે જિલ્લા પંચાયત મીટિંગ હોલ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.જેમાં સાહિત્યકાર શ્રી ડૉ. કેશુભાઈ દેસાઈ પર ખાસ ચર્ચા કરી હતી.

-સ્તુત વિષયના સંદર્ભમાં બોલતા વરિષ્ઠ પત્રકાર શ્રી ભરત કવિએ જણાવ્યું હતું કે, પત્રકાર એ ચોથી જાગીરનો પાયો છે. અખબારો વિવિધ માધ્યમાએ પારદર્શકતાથી, નૈતિક્તાને અનુસરીને જનસેવા માટેના -હરીની ભૂમિકા અદા કરવાની હોય છે. સાથે જ કેન્દ્ર-

● અનુસંધાન પાના - ૭ પર

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

**સૂર્યોદય : ૬.૫૬**
**સૂર્યાસ્ત : ૫.૫૪**

### તાપમાન

**મહત્તમ : ૩૨.૦ ડિ.સે.**
**લઘુત્તમ : ૨૨.૦ ડિ.સે.**

### ભેજનું પ્રમાણ

**સવારે ૬૪ ટકા ● સાંજે ૫૯ ટકા**

### મનોરંજન

**સીટી પલ્સ**

**: સ્ક્રીન-૨ :**

કીલ/દિલ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**: સ્ક્રીન-૩ :**

કીલ/દિલ : ૧૨.૩૦

**: સ્ક્રીન-૪ :**

૬-૫=૨ : ૧.૦૦, ૧૦.૦૦

હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦

જોરુ (તેલુગુ) : ૭.૦૦

**: સ્ક્રીન-૫ :**

કીલ/દિલ : ૧૦.૦૦

ધ શૌકિન્સ : ૧.૦૦, ૭.૦૦

**: સ્ક્રીન-૬ :**

રંગ રસીયા : ૩.૩૦, ૧૦.૦૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

**: સ્ક્રીન-૧ :**

કીલ/દિલ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :**

જુરાસિક એટેક : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫

ધ શૌકિન્સ : ૧.૧૫, ૭.૧૫

**સ્ક્રીન-૩ :**

હેપ્પી ન્યુઈયર : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૧૦.૦૦

### આપની આજ

**મેષ** : એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રાના યોગ. નકામા તનાવથી દૂર રહેવું. સામાજિક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થઈ શકશે.

**વૃષભ** : ભાગ્યવર્ધક રાજકીયક્ષેત્રે પદ પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકે છે. ખાનપાનમાં કાળજી રાખવી. પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થવાની વિશેષ સંભાવના. રાજય તરફથી વિશેષ લાભ.

**મિથુન** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટવાયેલા નાણા પરત મળી શકશે. વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે.

**કર્ક** : આત્મવિશ્વાસમાં વધારો થશે. પદ-પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, ગહન શોધ સંબંધઈ શોધપૂર્ણ કાર્યોનો વિશેષ કાર્ય થશે.

**સિંહ** : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર- વિર્મશ થઈ શકે છે.

**કન્યા** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ નો યોગ. કૌટુંબિક વિવાદા ઉભા ન થાય તેની કાળજી રાખવી. કોર્ટ- કચેરીના મુદ્દે સાવચેતી રાખવી.

**તુલા** : ધાર્મિક કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. આર્થિક સ્ત્રોમાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે.

**વૃશ્ચિક** : રોજગારીના નવા રસ્તાઓ પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયિકક્ષેત્રમાં લાભ પ્રાપ્ત થવાની શકયતા છે. મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્ર દ્વારા નોકરીમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

**ધન** : વેપારી સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવનાઓ રહેલી છે. સુખ, સુવિધા, ભવન, વાહન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ કરવો નહીં.

**મકર** : આપને વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકશે. નવા વ્યાપારમાં રોકાણ વિચારીને કરવું. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક ક્ષેત્રમાં વિશેષ યોગ બની રહ્યો છે.

**કુંભ** : સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની શકયતાઓ છે. ગૂઢ, ધાર્મિક, કુટુંબમાં માંગલિક, આધ્યાત્મિક કાર્યો થઈ શકશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : આપના દ્વારા વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ અપાવશે. વ્યાપાર -વ્યવસાયિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થવાનો વિશેષ યોગ બની રહ્યો છે. મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બનશે.

### ચિરવિદાય

● સ્વ. રંજનબેન રાજુજી ઠાકોર (ઉ.વ.૩૫) ગામ - બોરીજ, જૈન દેહરાસર પાસે, તા.જી. ગાંધીનગર